

ચિંતામણિ કલ્યાણી માતા! અતિશય ગુણગણધારી!
શિવપુરીમાં સાથે રાખો—એક જ અરજ અમારી.

કહાન સંવત-૧૧ □ (૫૬૯) ❊ આત્મધર્મ ❊ (અંક-૬ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ માર્ચ, ૧૯૯૧

# બહેનશ્રી ચંપાબેને પૂજ્ય ગુરુદેવને જણાવેલ

# 卐 પોતાની અંતરંગદશા 卐

[ લગભગ વિ. સં. ૧૯૯૨ ]

પરમકૃપાળુ પ્રભુશ્રી,

મારી અંતરંગ-દશા વિષે આપને જણાવવાના ભાવ થવાથી લખાઈ જાય છે. આપ મારી અંતરંગ-દશા જાણો તેમાં આ આત્માને વિશેષ લાભ રહેલો છે તેથી લખાઈ જાય છે.

એક તરફથી જોતાં, વિચારતાં, એમ થાય છે કે, આ અંતરંગદશા બીજા કોઈ જાણે તે મને જરા પણ ગમતું નથી; અને બીજી તરફથી વિચારતાં એમ થાય કે આપ ગુરુદેવ જાણો તેમાં આ આત્માને વિશેષ લાભ રહેલો છે, તેથી લખાઈ જાય છે. આ અંતરંગદશામાં આપનો પ્રતાપ છે, આપનો ઉપકાર છે.

ગુરુદેવ! જ્ઞાતાધારાની ઉગ્રતા વર્ત્યા કરે છે. વાંચન વગેરે તરફ ઉપયોગ જાય તે પ્રમાણે તે કાર્ય યથાશક્તિ થયા કરે છે, અને જ્ઞાતા તરફનું ધ્યાન અને જ્ઞાતા તરફની ઉગ્રતા રહ્યા કરે એવી પરિણતિ વર્ત્યા કરે છે.

પ્રભુ! શ્રાવણ વદ અમાસથી આ આત્માની કોઈ સહજ એકધારી દશા પ્રગટ થઈ છે, કોઈ અદ્‌ભુત દશા પ્રગટ થઈ છે. અંતરંગમાં બહુ ઉલ્લાસ આવે છે તથા, અંતર આત્માની નિર્વિકલ્પ દશા, આનંદ-દશા, વિશેષ સહજપણાને અને વિશેષતાને પામી છે. તે આપનો પ્રતાપ છે. માત્ર જણાવવા માટે લખ્યું છે. અંતરંગમાં બહુ ઉલ્લાસ આવવાથી લખાઈ જાય છે. ચારિત્રની સાધના હજુ બાકી છે તોપણ લખાઈ જાય છે.

ગુરુદેવથી દૂર રહેવાય છે તેનો ખેદ રહે છે. જો કે જ્ઞાતા પ્રભુ ચૈતન્યમાં ખેદ નથી. જે થાય છે તે જોવાય છે છતાં ઉદયરૂપ ખેદ આવી જાય છે. ઘણા દિવસ થયા કહેવાના ભાવ આવતા હતા. આજે ભાવના વધી જવાથી લખવાના ભાવ થઈ જાય છે.

ગુરુદેવને જણાવવામાં આ આત્માને લાભ રહેલો છે તેથી જણાવાઈ જાય છે.

આ આત્માની દશામાં આપનો પરમ પ્રતાપ છે, પરમ ઉપકાર છે.

અંતરંગદશાને લગતા અને શાસ્ત્રને લગતા આપના પ્રશ્નો આ આત્માને લાભદાયક છે.

—*—

કહાન સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૯
[ ૫૬૯ ]




વીર સંવત ૨૫૧૭
સં. ૨૦૪૭
MAR. A.D. 1991

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

## પ્રશમમૂર્તિ પૂજ્ય ચંપાબહેનની મંગલકારી
## ૫૯ મી સમ્યક્ત્વજયંતી પ્રસંગે
## ગુરુજ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં
# અધ્યાત્મ-પુષ્પો

* 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર'; રાગ તો નહિ, પણ અલ્પજ્ઞપણું તે પણ હું નહિ. ત્રિકાળ એકરૂપ રહેનારો 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક'—એની અંદર લગની લાગવી જોઈએ. એની રુચિ હોય તો પુરુષાર્થનું વલણ અંદર થયા વિના રહે નહિ. ત્રિકાળ જ્ઞાયકની રુચિ ને પોસાણ હોય તો તેના તરફ પુરુષાર્થ થયા વિના રહે જ નહિ. ૧.

* ભગવાન જ્ઞાયકસ્વભાવ શુભાશુભ ભાવપણે કોઈ દિવસ થયો નથી—એમ સમયસારની છઠ્ઠી ગાથાની ટીકામાં આવ્યું છે. જ્ઞાયકસ્વભાવ તો જ્ઞાન, જ્ઞાન ને જ્ઞાનના પ્રકાશરૂપ છે અને શુભાશુભ ભાવ તો અંધકાર છે, જડ છે, અચેતન છે. ભલે તેમાં પરમાણુની જેમ સ્પર્શ-રસ-ગંધ-વર્ણ નથી, પણ તેમાં જ્ઞાનના—પ્રકાશના—અંશનો અભાવ છે; માટે શુભ ભાવ અને અશુભ ભાવ બન્ને અચેતન ને જડ છે. જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા તે જડ શુભાશુભ ભાવોરૂપે થયો જ નથી. એવા જ્ઞાયકસ્વભાવનું લઢણ—અંતરમાં એકાગ્રતાનું ઘૂંટણ—કરવાથી જ્ઞાન ને અતીન્દ્રિય શાન્તિ આદિ અનંત ગુણો પર્યાયમાં પ્રગટે છે. આહાહા! સમ્યગ્દર્શન થતાં અનંતા

ગુણોનો એક અંશ વ્યક્ત પ્રગટ થાય છે અને કેવળજ્ઞાન વખતે અનંત ગુણોની પૂરી પર્યાય પ્રગટ થાય છે. એ જે પૂરી પર્યાય પ્રગટ થાય છે તે જ્ઞાયકસ્વભાવના લક્ષણથી થાય છે, બીજા કોઈ ઉપાયથી નહિ. ૨.

* આત્મા સર્વજ્ઞસ્વભાવવાળો છે. સર્વને જાણવું-દેખવું એ જ એનો ત્રિકાળી સ્વભાવ છે. એ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે સ્વીકાર કર્યો તે કેવળ જાણનાર જ—જ્ઞાતા જ—રહે છે, પરનો કે વિભાવનો કર્તા થતો નથી. અજ્ઞાનીને રાગથી માંડીને આખી દુનિયા—એમાં સર્વસ્વ મનાઈ ગયું છે, ત્યાંથી ગુલાંટ ખાઈને અનંત ગુણનો ધણી જ્ઞાયક આત્મા તે મારું સર્વસ્વ છે—એમ માનવાનું છે. ભાષા તો સાદી છે બાપા! પણ પુરુષાર્થ વિના એ જ્ઞાયકતત્ત્વ મળે તેમ નથી. એ પુરુષાર્થ પણ અંદર સ્વસન્મુખનો જોઈએ. ૩.

* ભગવાન આત્મા તો ત્રિકાળી પરમ શુદ્ધ પદાર્થ છે. અનંત આનંદનું ધામ એવો તે આત્મા પોતાના કાયમી સ્વરૂપને કદી છોડતો નથી. અનાદિથી આજ સુધીમાં જેટલા સિદ્ધ ભગવાન થયા તેના કરતાં અનંત ગુણા દરેક આત્મામાં જે ત્રિકાળી ગુણ છે તે એનું સ્વરૂપ છે. સમયસારની પહેલી ગાથાની ટીકામાં, અનંત સિદ્ધોને પોતાના આત્મામાં સ્થાપીને વંદન કર્યું છે. આહાહા! એ સિદ્ધભગવંતોની સંખ્યા કેટલી? ભૂતકાળના જેટલા સમયો છે તેના કરતાં અસંખ્યમાં ભાગે સિદ્ધો છે. અથવા, સિદ્ધની સંખ્યા જે અનંત છે તેના કરતાં અનાદિથી વર્તમાન સુધીના સમયો અસંખ્યતાગુણા છે. એ અનંત સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપીને—વંદન કરીને પછી 'સમયસાર' શરૂ કર્યું છે. આહાહા! પ્રભુએ તો સ્થાપ્યું, પણ તું તારા અંતરમાં સ્થાપ ત્યારે પ્રભુએ સ્થાપ્યું —એમ કહેવામાં આવે છે. એવા અનંત સિદ્ધોની સંખ્યા કરતાં પણ એક દ્રવ્યનું સ્વરૂપ અનંતગુણા ગુણમય છે. એવા જ્ઞાનાદિ અનંત ગુણ-સ્વરૂપ દ્રવ્ય પોતાના ત્રિકાળી—કાયમી સ્વરૂપને કદી છોડતું નથી. ૪.

* (સમયસાર) ૩૨૦ મી ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકામાં આવ્યું છે ને કે—ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ

નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડ-જ્ઞાનરૂપ હું છું'. આહાહા! જેમાં 'પલટવું' નથી, જે અખંડ શુદ્ધ એક જ્ઞાયક પરમભાવ છે, અવિનશ્વર-શાશ્વત છે, પ્રત્યક્ષપ્રતિભાસમય છે એવું જે નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું, પણ ક્ષાયોપશમિક આદિ ચાર ભાવ તે 'હું' નથી. મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય—ચાર જ્ઞાન પર્યાયમાં પ્રગટયાં હોય પણ એ કાંઈ ધ્રુવ વસ્તુમાં નથી. પર્યાયમાં કેવળ-જ્ઞાન પ્રગટયું હોય, અનંત આનંદ પ્રગટયો હોય, ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટયું હોય, પણ એ બધું પર્યાયમાં છે, દ્રવ્યસ્વભાવમાં—ધ્રુવ જ્ઞાયક દ્રવ્યમાં—નથી. ખરેખર તો ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક એ જ વસ્તુ છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. ૫.

* ક્ષાયોપશમિક આદિ ચાર ભાવો જીવના દ્રવ્યસ્વભાવમાં નથી. મિથ્યાત્વ અને રાગ આદિ જે વિભાવભાવ તે તો સ્વરૂપમાં છે જ નહિ. જીવ અજ્ઞાનથી માન્યતા ભલે કરે કે 'હું રાગી છું', 'હું અલ્પજ્ઞ છું', પણ એ માન્યતા—ઔદયિકભાવ—કંઈ વસ્તુસ્વરૂપમાં નથી. ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક સમકિત અને ચારિત્ર થાય—એ બધા ભાવ કંઇ દ્રવ્યસ્વરૂપમાં નથી, એ તો પર્યાય છે. જેના આશ્રયે ઔપશમિક આદિ સમકિત થાય તે નિર્મળ પર્યાયમાં એ ધ્રુવ જ્ઞાયક વસ્તુ નથી; કેમ કે સમકિત અને ચારિત્ર આદિ તો નવી પ્રગટતી પર્યાય છે અને જ્ઞાયક વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ છે, એમ ને એમ રહે છે, કોઈ દી ફરતી નથી ને સદા એકરૂપ રહે છે. જ્ઞાયકદ્રવ્ય પોતાના મૂળ સ્વરૂપને કદી છોડતું નથી. ૬.

* ભગવાન આત્મા સ્ફટિક જેવો નિર્મળ શુદ્ધ છે તેમાં દૃષ્ટિ કર. જે કોઈ પરમાત્મદશા થાય છે તે અંદર જે શક્તિ છે, સ્વભાવ છે, તેનાથી થાય છે. અહા! 'હું પરમાત્મસ્વરૂપ છું' એવાં ગુરુ-ધર્માત્માનાં સ્વાનુભવ સહિત નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, તેનાથી મોહનો નાશ થાય છે, ભગવાન આત્માનો અંદર પ્રકાશ થાય છે. ૭.

* જે ત્રિકાળ એકરૂપ છે એવા નિજ જ્ઞાયકસ્વરૂપને ઓળખ. ઓળખનાર પર્યાયે, ધ્રુવ સ્વભાવની સન્મુખ થઈને તેનો આશ્રય લીધો.

આશ્રયનો અર્થ એવો નથી કે આશ્રય કરનારી પર્યાય દ્રવ્યમાં — ધ્રુવ તત્ત્વમાં ભળી ગઈ. આશ્રયનો અર્થ એવો છે કે પર્યાય જે બહારમાં વળેલી હતી તે અંદર ધ્રુવ સ્વભાવ તરફ વળી. બસ, એને દ્રવ્યનો— ધ્રુવ તત્ત્વનો આશ્રય લીધો એમ કહેવાય છે; છતાં પર્યાય દ્રવ્યમાં ભળી નથી ને પર્યાયમાં દ્રવ્ય આવી ગયું નથી. અહા! પ્રભુ! તું કોણ છો? કેવો છો? તારી તાકાત કેટલી છે? ભાઈ! તારી મોટપની તને ખબર નથી. તારી ધ્રુવ મોટપ ક્ષણિક પર્યાયમાં ન આવે, પણ પર્યાય ધ્રુવ મોટપને જાણે. બે અંશ છે ને? એક પલટતો અંશ ને બીજો ત્રિકાળ ધ્રુવ અંશ. એ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપને ઓળખી તેની પ્રતીત કર તો તને અંદરથી કાયમી શાંતિ પ્રગટ થશે અને જન્મ-મરણનાં દુઃખનો નાશ થઈ જશે. ૮.

* ત્રિકાળી જ્ઞાયકસ્વભાવી નિજ આત્મા છે તે મૂળ ચીજ છે. તેને જાણ્યા વિના બીજું બધું જાણપણું નિષ્ફળ છે. ત્રિલોકનો નાથ એવો જે જ્ઞાયક નિજ ધ્રુવ આત્મા, જેમાં પર્યાયનો અભાવ ને જ્ઞાનાદિ ગુણોનો સદ્ભાવ છે, તેને આશ્રયપણે અધિક જાણ્યા વિના બધું જાણપણું નિષ્ફળ છે. શાસ્ત્રનું જ્ઞાન, છ દ્રવ્યનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન—બધું જાણપણું, આત્મજ્ઞાન વિના, નિષ્ફળ છે; સફળ છે રખડવા માટે, મોક્ષ માટે નિષ્ફળ છે. ૯.

* જ્ઞાનનું વર્તમાન પૂરતું હોવાપણું જે જાણવામાં આવે છે તે પર્યાયનું અસ્તિત્વ તો છે. તે અંશ અદ્ધરથી થયો છે એમ નથી; તે કોઈ અંદર ત્રિકાળી ચીજને જણાવે છે. જેનો એ અંશ છે તે, તેના ત્રિકાળી તત્ત્વને જણાવે છે. તે તત્ત્વ પોતાને—સ્વયંને—ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે! ૧૦.

* ભગવાન આત્મા ત્રિકાળી 'જાણનાર' જ છે, તેની શ્રદ્ધા તેં કોઈ દી કરી નથી. 'જાણનાર' તત્ત્વને વર્તમાન પૂરતું માની ત્યાં સંતોષાઈ ગયો, પરંતુ એ માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી; તે ત્રિકાળ-રૂપે 'સત્' છે. 'જાણનાર' જ્ઞાયકવસ્તુ ત્રિકાળ સત્ છે, તેના ઉપર દૃષ્ટિ જવી જોઈએ. અહા! આવો માર્ગ છે! ૧૧.

* પ્રથમ આખી દુનિયાથી ઉદાસ થઈ, વિભાવનાં નિમિત્તો ઉપરનું લક્ષ છોડી, રાગ, પર્યાય ને ગુણભેદનું લક્ષ પણ વિકલ્પ છે—એને પણ છોડી, ત્રિકાળી ધ્રુવ ભાવ—જ્ઞાયક ધ્રુવ ધામ—જે પોતાનો સ્વદેશ છે તેમાં વસવું, ને એ રીતે જીવનમાં આનંદમય શુદ્ધ ચૈતન્યપરિણતિ થવી, તે જ સાચી જીવનદશા પ્રગટવાનો ઉપાય છે. આહાહા! જેના ફળમાં પૂર્ણ અનંત જ્ઞાન ને પૂર્ણ અનંત આનંદ પ્રગટ થાય છે એવું આ જીવન છે! ૧૨.

* અબજો રૂપિયા, સારી રૂપાળી સ્ત્રી,—વાણિયો હોય ને તેને રાજની કન્યા મળે—બાપુ! એ બધું તો અનંતવાર મળ્યું છે; એ દુઃખનાં નિમિત્તો અપૂર્વ નથી; પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. અહા! તારી પ્રભુતા જ્ઞાયકમાં છે, તારી પ્રભુતા રાગ ને પુણ્યમાં ય નથી, તો બહારનાં નિમિત્તમાં તારી પ્રભુતા આવે જ કયાંથી! પૈસા, સ્ત્રી-પુત્ર-પરિવાર ને બહારની બીજી અનુકૂળ સામગ્રી—એ કાંઈ અપૂર્વ નથી, પણ અંદર જ્ઞાયકસ્વભાવની સાધનાનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. અંદર જ્ઞાન ને આનંદની વજ્રભીંત પડી છે, તેની સાથે પર્યાયને જોડી દે બાપુ! એનો સ્વીકાર કરતાં તારી પર્યાય નિર્મળ થઈ જશે. એ જ અંદરનો અપૂર્વ પુરુષાર્થ છે. ૧૩.

* સમયસારની ૧૪૪ મી ગાથાની ટીકામાં આવે છે: પહેલાં આગમથી—શ્રુતજ્ઞાનથી—આ જ્ઞાનસ્વરૂપ આત્માનો નિર્ણય કરે, પછી મતિ અને શ્રુતના વિકલ્પો છોડીને અનુભવ કરે છે. ત્યાં ૭૩મી ગાથાની ટીકામાં કહ્યું છે: મારો આત્મા એક, અખંડ, શુદ્ધ ને પરિપૂર્ણ છે. ષટ્‌કારકોની પ્રક્રિયાથી પાર ઊતરેલી અનુભૂતિસ્વરૂપ હોવાથી હું શુદ્ધ છું. જેમાં કોઈ પણ પર્યાયનો ભેદ નથી એવા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક તત્ત્વને 'અનુભૂતિ' શબ્દથી કહ્યું છે, આ 'અનુભૂતિ' પર્યાયની વાત નથી. કારકોના ભેદ રહિત ત્રિકાળ અનુભૂતિસ્વરૂપ સહજ જ્ઞાયકપણું તે હું છું, એવો પ્રથમ વિકલ્પથી—મનના સંબંધ સહિત રાગમિશ્રિત વિચારથી—નિર્ણય કરે છે, પાકો નિર્ણય કરે છે. ૧૪.

* ચક્રવર્તીના રાજકુમારો, જાણે પુણ્યનાં પૂતળાં—તેમને અંદરમાં

ભાન વર્તે છે કે હું આ બહારના વૈભવમાં ક્યાંય નથી. તેઓ ભાન સહિત અંદરમાં જ જવા માગે છે. તેઓ જંગલમાં જવા ચાલી નીકળે છે ત્યારે પોતાની માતા પાસે રજા માગે છે: હે જનેતા! તું મને રજા દે, હું મારા આનંદના નાથ પાસે જવા માગું છું. માતા! હવે અમને એક ક્ષણ પણ બહાર ગમતું નથી. આ રત્નોના મહેલો ને રાણીઓમાં ક્યાંય મારો આનંદ નથી. આત્મા આનંદનો નાથ છે તે મેં ભાળ્યો છે. માતા! એક વાર તારે રોવું હોય તો તું રોઈ લે, અમે કોલકરાર કરીએ છીએ કે હવે ફરીને બીજી માતા કરશું નહિ. અમે તો અંદરમાં જઈને ભવનો અભાવ કરશું. અમે તો અતીન્દ્રિય આનંદરસના રસિયા છીએ. માતા! તે રસ લેવા અમે જંગલમાં એકલા ચાલ્યા જઈશું. આહાહા! એ પુરુષાર્થ કેટલો હશે? પાંચમા આરામાં પણ સમકિતીને તો આવી જ ભાવના હોય છે. બાપુ! મારગ તો આ છે! ૧૫.

* જે માએ પેટમાં સવા નવ મહિના રાખ્યો એ માનો જીવ (અત્યારે) ક્યાં હશે? કોઈ દિવસ એ વિચાર કર્યો છે? અરેરે! આ નિરાધાર સંસારમાં મા, બાપ ને ભાઈઓ ક્યાંય ચાલ્યા ગયા! એમને આ ધર્મની વાત સાંભળવા પણ મળી નહોતી આહાહા! જેનું અસ્તિત્વ ત્રિકાળ છે એ જીવ ક્યાંય છે તો ખરો ને? આ મનુષ્યપણામાં કરવા જેવું તો પોતાના ચૈતન્યદેવને પ્રાપ્ત કરવો—તેનો અનુભવ કરવો તે છે; પણ એનો વિચાર કરવા જીવને નવરાશ ક્યાં છે?! ૧૬.

* ભાઇ! શાસ્ત્રમાં વ્યવહારનાં કથનો આવે તેને તું જાણજે, શ્રદ્ધજે કે એ છોડવા લાયક છે. વ્યવહાર કે જે છોડવા લાયક છે તેને આદરવા લાયક માનવા જઈશ તો ભગવાનની આજ્ઞા વિરુદ્ધ એકાન્ત માન્યતાથી તું મરી જઈશ, ભવસાગરમાં રખડી મરીશ. મોક્ષમાર્ગ-પ્રકાશકમાં કહ્યું છે: નિશ્ચયનયથી જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું; અને વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું, કેમ કે વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને, તેમના ભાવોને અને કારણકાર્યાદિને કોઈનાં કોઈમાં મેળવીને નિરૂપણ કરે છે, એટલે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે, માટે તેનો ત્યાગ

કરવો, તથા નિશ્ચયનય સ્વ-પરદ્રવ્યને, તેમના ભાવોને અને કારણકાર્યાદિને યથાવત્ જેમ છે તેમ નિરૂપણ કરે છે, કોઈનાં કોઈમાં મેળવતો નથી, એટલે એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે, માટે તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું. ૧૭.

* શ્રી શાન્તિનાથ, કુંથુનાથ ને અરનાથ તે તીર્થંકર હતા ને ચક્રવર્તી પણ હતા. છ ખંડ સાધવાનો ભાવ તે વિકલ્પ હતો. વિકલ્પના તેઓ કર્તા ન હતા, જ્ઞાતા હતા. બહારથી જોનારને છ ખંડ સાધતા દેખાય, પણ ખરેખર તો તેઓ અંદર અખંડને સાધતા હતા. જેની સ્વદ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચક્રવર્તી છ ખંડને નહિ પણ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણરત્નોથી ભરપૂર નિજ અખંડ જ્ઞાયકતત્ત્વને સાધે છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' માં પણ આવે છે કે જ્ઞાની સમકિતી ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા નથી પણ અંદર આત્માનું અખંડપણું સાધ્યું છે. ૧૮.

* ભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે દરેક દ્રવ્યની પ્રત્યેક સમયની પર્યાય—વિકારી કે અવિકારી—પોતાનાં કારકોથી, કર્તા-કરણ વગેરેથી થાય છે. એમાં કાંઈ પણ ફેર કર્યો, કર્મને લઈને વિકાર થાય, શુભ રાગ ધર્મનું સાધન થાય—એવી જો કાંઈ પણ ગરબડ કરી—ભગવાનની આજ્ઞા બહાર પગ મૂક્યો—તો રખડી મરીશ. ૧૯.

* જ્યાં વિભાવ પણ તારા નથી ત્યાં બીજાની તો વાત જ શી? તારા સિવાય બીજા તત્ત્વનું તું કાંઈ કરી શકતો નથી. દયા-દાન આદિના ભાવ, પુણ્ય તેમ જ પાપના વિકાર સ્થૂળ છે, વિભાવ છે, તારા નથી. ત્રિકાળી જ્ઞાનાનંદના નાથમાં પુણ્ય-પાપના કૃત્રિમ વિભાવો નથી, તો બહારની સંયોગી ચીજો એની ક્યાંથી થાય? વિકૃતતા તારી દશામાં થાય તે તારી મૂળ વસ્તુમાં નથી, તો શરીર આદિ અજીવ અને સ્ત્રી-પુત્ર વગેરે બીજા જીવો તારાં ક્યાંથી થાય? તારામાં થતી વિકૃત અવસ્થા—પૂજા, ભક્તિ, વ્રતાદિના વિભાવ ભાવ—તે પણ તારા સ્વભાવમાં નથી, તો જે તદ્દન પૃથક્ છે અને જેનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તારાથી તદ્દન ભિન્ન છે તે સંયોગી ચીજ તારી ક્યાંથી હોય? બંગલા કોના? બાગ કોના?

વિભાવ પણ જ્યાં તારો નથી ત્યાં બહારની સંયોગી ચીજ તારી ક્યાંથી આવી? ૨૦.

* પાંડવો શ્રી નેમિનાથ ભગવાન પાસે જવા નીકળેલા, શત્રુંજય પહોંચ્યા ને સમાચાર સાંભળ્યા કે ભગવાન મોક્ષ પધાર્યા છે. પાંડવો તરત જ શત્રુંજય પહાડ પર ચડી ગયા અને ધ્યાનમાં જામી ગયા. ઉપસર્ગના કાળે ત્રણે તો કેવળજ્ઞાન ઉપજાવ્યું. નાના બે ભાઈ પણ વીતરાગ સંત હતા, પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ આનંદની મહોરછાપવાળા હતા; એ કાંઈ દ્રવ્યલિંગી નહોતા, એકલા નગ્ન ને પંચમહાવ્રતના વિકલ્પવાળા નહોતા, રાગ રહિત અંદર આનંદની ઉગ્ર દશામાં મસ્ત હતા. તેમને જરા વિકલ્પ આવ્યો કે—મોટા ભાઈઓને કેમ હશે? એ વિકલ્પ છે શુભ; પણ તેનાથી કેવળજ્ઞાન અટકી ગયું. સર્વાર્થસિદ્ધિના દેવનું ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. દેવ અને મનુષ્ય એમ બે ભવ વધી ગયા. ૨૧.

* પર્યાય પર દૃષ્ટિ એટલે શરીર, વાણી, કર્મ તથા રાગાદિ વિભાવ ને અપૂર્ણતા વગેરે પર દૃષ્ટિ. તેમાં કર્મ વગેરેનું તો અસ્તિત્વ જ આત્માથી ભિન્ન છે. પર્યાય-અસ્તિત્વ પોતામાં છે, કેમ કે પ્રમાણજ્ઞાનનો વિષય દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ આખી વસ્તુ છે. પર્યાય છે ખરી, પણ તે માત્ર વર્તમાન ક્ષણિક અંશ છે. તે બદલતા અંશમાં આખું ત્રિકાળી તત્ત્વ આવી જતું નથી. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ વગેરે ત્રિકાળી ગુણો અને તેમની વર્તમાન પર્યાયો વસ્તુમાં છે ખરાં; પણ તે ગુણભેદ પર કે વર્તમાન બદલતી પર્યાય પર જે તારી દૃષ્ટિ છે, તારી રુચિનું ત્યાં જ વજન છે, તેને છોડ. તે પર્યાયબુદ્ધિને છોડી અંદર ભૂતાર્થ સત્ય જે ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ તત્ત્વ છે તેના પર દૃષ્ટિ દે. તેના ઉપર રુચિનું જોર આપવું તે તારા હાથની વાત છે, ત્યાં દૃષ્ટિ દેવી તે તારા પુરુષાર્થનું કામ છે. ૨૨.

* પ્રભુ તો એમ કહે છે કે મારી સામે જોઈશ તો તને રાગ થશે. તારી સામે તું જો. જ્યાં અનંત આનંદથી ભરેલો તારો પ્રભુ આત્મા છે ત્યાં તું જા. અંતર્દૃષ્ટિ થયા પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શ્રદ્ધા તેમ જ ભક્તિ વગેરે શુભ ભાવ આવે, પણ છે એ દુઃખરૂપ. તેથી તેને છોડી તું

અંદર આત્મામાં જા, તો બહાર ભટકવામાં—વિકલ્પમાં—તું જે રોકાણો છે તે ભટકવું મટી જશે. ઝીણી વાત છે. જિનમાર્ગ જ એવો કોઈ ઝીણો છે. ૨૩.

* જેણે શુભભાવને પણ પોતાનો માન્યો છે તેણે પોતાના સહજ જ્ઞાયકસ્વભાવનો અનાદર કર્યો છે, નિજ સ્વરૂપની હિંસા કરી છે. પર જીવને તો કોઈ મારી કે બચાવી શકતું નથી; પણ 'પરને મેં માર્યો, મેં બચાવ્યો' એવી જે તારી માન્યતા છે તે જ તારા સ્વરૂપનો ઘાત છે, ભાવમરણ છે. જાણનારો તે તો ક્ષણે ક્ષણે જાણનાર જ છે. તેનો તેં અનાદર કર્યો, એ જ તારા સ્વરૂપની હિંસા અને ભાવમરણ છે. પરવસ્તુ મારી છે એમ માનીને ચૈતન્યનો—જ્ઞાતાપણાનો—અનાદર કર્યો તે જ ભાવમરણ છે. શ્રીમદ્ કહે છે : 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો!' પરની દયાનો ભાવ તે શુભ રાગ છે; તે સ્વરૂપની હિંસા છે. અહા! આ માર્ગ આકરો છે. જગતને સાંભળવા પણ મળતો નથી. એમ ને એમ, ઢોરની જેમ, એની જિંદગી ચાલી જાય છે! ૨૪.

* જાણનાર આત્માની નિર્મળ જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી; રોગ આવે તે તો જડ શરીરની અવસ્થા છે. શરીર તો વેદનાની મૂર્તિ, વ્યાધિઓનું મંદિર છે; પ્રભુ! તું તો જ્ઞાન ને આનંદનું બિંબ છો. શરીરમાં ભલે રોગ આવે, બેઠો હોય ત્યાં ઉપરથી ભીંત પડે, સર્પ ને વીંછી આવીને કરડે, કોઈ પથરા મારે, તેથી આત્માને શું? આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. અહા! આવી વાત! વીતરાગ માર્ગ બહુ ઝીણો, બાપુ! ૨૫.

* ત્રિકાળી સત્ ચૈતન્યપ્રભુ—તારું ધ્રુવ તત્ત્વ—એની દૃષ્ટિ તેં કદી કરી નથી. વર્તમાન રાગાદિની કે ઓછા જાણપણા વગેરેની જે હાલત છે, દશા છે તે ક્ષણિક અવસ્થા ઉપર તારી દૃષ્ટિ છે. પરને પોતાનું માને તે તો મોટી ભ્રમણા છે જ; પરંતુ જાણવા-દેખવાની વર્તમાન દશા જે તારી કરેલી છે, તારી છે, તારામાં છે, તારા દ્રવ્યનો વર્તમાન અંશ—અવસ્થા છે, તેના ઉપર દૃષ્ટિ—પર્યાયદૃષ્ટિ—તે પણ મિથ્યાત્વ છે. એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે. પર્યાય ઉપરની દૃષ્ટિ છોડીને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર તારી દૃષ્ટિ કદી આવી

નથી. મિથ્યાત્વ ને રાગના દુઃખથી છૂટવાનો—વિકલ્પ તોડવાનો—બીજો કોઈ ઉપાય નથી; અંતર ત્રિકાળી ધ્રુવ દ્રવ્યસ્વભાવની—શુદ્ધ જ્ઞાયક-પરમભાવની—દૃષ્ટિ કરવી તે એક જ ઉપાય છે. ૨૬.

* અહા! આ તે કાંઈ વાત છે! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરભગવાન તે પણ પર છે, તેના ઉપરથી તું લક્ષ છોડી દે; તેની શ્રદ્ધાનો જે રાગ છે તેના ઉપરથી પણ લક્ષ છોડી દે, એને તો છોડી દે પણ તે રાગને જાણનારી જે વર્તમાન જ્ઞાનની દશા—તે 'રાગ છે' એમ જે જાણે છે—તે પર્યાય ઉપરની દૃષ્ટિ પણ છોડી દે; અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે. ૨૭.

* પરના આધારે, દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિના ભાવે પણ, અંતરમાં નહિ જવાય, કેમ કે તે રાગ છે. વસ્તુસ્વરૂપ—ભગવાન આત્મા—શુદ્ધ જ્ઞાનઘન ને આનંદકંદ છે, એમાં જેને જવું છે તે નિજ આત્માનો આધાર લે. જેમાં જવું છે તેનો આધાર લે, તેના આશ્રયે તેમાં જા. કોઈ પણ રાગની લાગણી, ચાહે તો ભક્તિનો કે નામસ્મરણનો શુભ વિકલ્પ હો, તેના આધારે અંદર સ્વરૂપમાં નહિ જવાય. આવી વાત છે પ્રભુ! ૨૮.

* પોતાના અભિપ્રાયના મદમાં ઘેલા—પાગલ થઈ ગયેલા રાગના રસીલાઓ—જેનું જીવતર રાગમાં રંગાઈ ગયેલું છે તે—અંદર આત્મામાં જઈ શકશે નહિ; કારણ કે અંદર વસ્તુ છે એ તો વીતરાગ ને જિનસ્વરૂપ છે. 'ઘટ ઘટ અંતર જિન વસે'—ભગવાન આત્માને જિનસ્વરૂપ કહ્યો ને! જેને શુભાશુભ રાગનો રંગ—જીવતર છે તેને અરાગસ્વરૂપ એવો જે જિનસ્વરૂપ નિજ ભગવાન આત્મા તે હાથમાં નહિ આવે. ભલે વ્રત, તપ, દયા, દાનનો રાગ હોય, તે રાગનું જેને જીવતર જીવવું છે તે અંદર રાગ રહિત જીવતરમાં નહિ જઈ શકે. ૨૯.

* સમકિતી જ્ઞાનીને આત્માનું ભાન થયું છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે તે કહે છે: અમે હવે અમારા સ્વદેશમાં જઈ રહ્યા છીએ. અનંત જ્ઞાન, આનંદ, શાન્તિ અને પ્રભુતા આદિ અનંત શક્તિઓનો સંગ્રહ—સ્વદ્રવ્ય—તે અમારો દેશ છે, તે અમારું ઘર છે.

બહાર આવવું અમને ગોઠતું નથી. અમારે હવે ત્વરાથી—ઉતાવળથી—ઝડપથી અમારા મૂળ વતનમાં—સ્વરૂપદેશમાં—વસવું છે. સ્વરૂપદેશમાં જવા માટે ચોથો આરો કે પાંચમો આરો—એવું કાંઈ નથી. આરો વસ્તુને ક્યાં નડે છે? આત્મવસ્તુ તો જળહળ જ્યોતિ, નિત્યાનંદ, સહજાનંદ પ્રભુ છે; તેને કાંઈ પાંચમો આરો નડતો નથી. ચૈતન્યરત્નાકર પ્રભુ પાંચમા આરામાં ય કાયમ એવો જ રહ્યો છે. નરકનાં દુઃખો પર્યાયમાં વેઠયાં છતાં વસ્તુ—પરમાનંદનો નાથ—તો સ્વચ્છ એવી ને એવી જ છે. તેને કાંઈ આંચ કે અવજ્ઞા લાગુ પડતી નથી. તે પરમાનંદસ્વરૂપ ચૈતન્યની મીઠાશ પાસે જગતની બધી મીઠાશ ઝેર જેવી છે. ૩૦.

* અહીં તો કહે છે કે, તું આત્મામાં જા, મારી સામું જોવું મૂકી દે. વિદેહક્ષેત્રમાં અત્યારે ત્રિલોકનાથ શ્રી સીમંધરપ્રભુ બિરાજે છે, સમોસરણ છે, ત્યાં તેમની દિવ્યધ્વનિ છૂટે છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ત્યાં ગયા હતા. આઠ દિવસ તે વાણી સાંભળીને પછી અહીં આવીને આ સમયસાર વગેરે શાસ્ત્રો બનાવ્યાં છે. તેમાં કહ્યું છે: ભાઈ! તું તને જો ને! ૩૧.

* અહીં તો એ કહેવું છે કે તારી દૃષ્ટિ અનાદિ કાળથી પર ઉપર ને તારી ક્ષણિક પર્યાય ઉપર છે તે છોડી દે. પર્યાય ઉપરની દૃષ્ટિ એટલે પર્યાય ઉપરની જ રુચિ છે તે છોડી દે. તારે તારું કલ્યાણ કરવું હોય, આત્માનું હિત કરવું હોય, સુખના પંથે જવું હોય—આનંદના માર્ગે જવું હોય તો 'પર્યાયદૃષ્ટિ દુઃખપંથ છે' એમ સમજીને તેને છોડ અને ત્રિકાળી દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ દે. ૩૨.

* ચક્રવર્તી છ ખંડ સાધીને—જીત મેળવીને વૈતાઢ્ય પર્વત પર પોતાના નામની વિજયપ્રશસ્તિ લખે છે. તે સમકિતી છે, તેને અંદર તો એમ વર્તી રહ્યું છે કે—જે આ દેશ જીત્યા છે તે અમારો દેશ નથી, રાગથી ભિન્ન જે નિજ ભગવાન આત્મા તે અમારો સ્વદેશ છે; અનંત ગુણની વસતી છે તેનો હું બાદશાહ છું. સત્ય તો આવું આકરું છે. તત્ત્વની સ્થિતિ તો આ જ છે બાપુ! મુનિને રાગનો વિકલ્પ આવે તેને જાણે છે પણ તેના કર્તા-સ્વામી થતા નથી. રાગ ઉપર તેમણે વિજય પ્રાપ્ત કર્યો છે. મુનિને વીતરાગ ભાવનો વિજય છે ને આસ્રવની હાર છે.

તે તો નિરંતર આનંદમાં—પ્રચુર સ્વસંવેદનમાં—વર્તી રહ્યા છે. આનું નામ મુનિપણું છે. ૩૩.

* ધન્ય તે દિવસ! ને ધન્ય તે પળ! કે જ્યારે બહાર આવવું જ ન પડે,—એવી જ્ઞાની સમકિતીને ભાવના હોય છે. જે બહારના વિકલ્પના હોંશીલા છે, જેને બહારની સેવા કરવી છે, જેને જગતના લહાવા લેવા છે તે, 'જગત માટે એકાદ ભવ વધારે કરવો પડે તો વાંધો નહિ' એમ માનવાવાળા તો મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. દુનિયામાં ગણતરી થાય, મોટપ મળે, પોતાની મહત્તા કરવી, તે તો બધા દુઃખના રસ્તા છે. મોક્ષમાર્ગ તો વીતરાગી ભાવ છે. વીતરાગ ભાવ તો અંતરમાં ગુપ્ત થઈ જાય ત્યારે થાય. ચોથે ગુણસ્થાને પણ અંતરમાં જેટલો એકાકાર થયો તેટલી તેને વીતરાગતા આવી, એટલો મોક્ષનો માર્ગ શરૂ થયો છે. અંદરમાં વિશેષ જતાં તો એવો ઠરી ગયો કે બહાર આવ્યો જ નહિ અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું! એ દશા ક્યારે પ્રાપ્ત થશે એવી સમકિતીને ભાવના હોય છે. ૩૪.

* આહાહા! આ શી ગંભીર ચીજ છે! આ આકાશના ક્ષેત્રનો ક્યાંય અંત છે બાપુ? અસંખ્ય જોજનમાં આ જગત છે, પછી ખાલી ભાગમાં એકલું આકાશ છે. તે આકાશનો છેડો ક્યાં આવ્યો? આ તે શું છે? સાધારણ તર્કમાં ન આવે એવો ક્ષેત્રસ્વભાવ છે. અનંત અનંત જોજન પછી, અરે! અનંતનો અનંતથી ગુણાકાર કરીને જે અનંતાનંત જોજન થાય તેટલા જોજન પછી પણ, તેનો દશેય દિશામાં ક્યાંય અંત નથી. અહા! શી છે આ ક્ષેત્રસ્વભાવની ગંભીરતા! કાળનો પણ આદિ નથી કે આ દ્રવ્યની પહેલી પર્યાય કઈ? એમ ગુણની બાબતમાં પણ અનંતતા છે. આત્મદ્રવ્યના અનંત અનંત ગુણોમાં પહેલો મોટો ગુણ કયો ને બીજા નાના ગુણ કયા? વળી, ગુણની પર્યાય પ્રગટી ત્યારે ગુણ ઓછો થયો? બાપુ! એ ગુણની ગંભીરતા અનંત અનંત છે! જેમ ક્ષેત્રની ગંભીરતાનો પાર નથી, કાળની ગંભીરતાનો પાર નથી, તેમ ગુણની ગંભીરતાનો પાર ન મળે. એક વાર નાસ્તિક પણ વિચાર કરે તો એને પ્રત્યક્ષ લાગે કે અહા! શી ગંભીરતા છે આ અનંત અનંત

ક્ષેત્રસ્વભાવની! બીજી બધી વાત એક કોર રાખો, પ્રથમ વિચારો કે—જગતનું ક્ષેત્ર તો અસંખ્ય જોજન છે, ત્યાર પછી શું! પછી? ત્યાર પછી? ને ત્યાર પછી? પછી ક્ષેત્ર હશે કે નહિ? તો આ ક્ષેત્ર ક્યાં સુધી છે? દશે દિશામાં આ ક્ષેત્ર અનંત અનંત છે, તેમાં આ ચૌદ બ્રહ્માંડ તો રાઈના દાણા જેટલું છે. આહાહા! એ વસ્તુ શી છે? દ્રવ્યનો—વસ્તુનો શો ગંભીર સ્વભાવ? ક્ષેત્રનો શો સ્વભાવ? કાળનો શો સ્વભાવ? ભાવનો શો સ્વભાવ ને પર્યાયનો શો સ્વભાવ?—એમ સ્વભાવનો—આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો—ગુણોની પર્યાયમાં નિર્મળતાનો વિકાસ થાય છે ૩૫.

* પ્રભુ! જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓનું સંગ્રહાલય એવા નિજ દ્રવ્યસ્વભાવની મુખ્યતા કદી જવી ન જોઈએ. તેને પર્યાયમાં મંદતારૂપ શુભ ભાવ હોય ખરા પણ એની મુખ્યતા કદી પણ ન આવવી જોઈએ; કેમ કે તે તો બંધનું કારણ છે. સ્વભાવને મુખ્ય—ઊર્ધ્વ રાખવાથી અબંધ પરિણામ થાય અને રાગ આદિને મુખ્ય રાખીએ તો બંધના પરિણામ થાય. દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે પર તરફના લક્ષથી પણ બંધના પરિણામ થાય. અંદર ઊર્ધ્વ એવા જ્ઞાયકસ્વભાવનું લક્ષ હોય, તેની મુખ્યતા હોય, તો પર ને રાગના રસ્તે જાય નહિ. અહા! આવી વાત છે! ૩૬.

* મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. જે અતીન્દ્રિય આનંદનો નાથ છે, શુદ્ધચૈતન્યઘન પ્રભુ છે, ચૈતન્યસ્વરૂપ ધારી રાખ્યું હોવાથી નિત્ય ચૈતન્યધાતુ છે—એવા નિજ સહજ જ્ઞાયક ચૈતન્યસ્વભાવનો મુનિને—સાધક સંતોને અભ્યાસ છે. અજ્ઞાનીને શુભાશુભ વિભાવનો અભ્યાસ છે, સંતોને સ્વભાવનો અભ્યાસ છે. અભ્યાસ તો બેયને છે; પણ એકને વિભાવનો, ને બીજાને સ્વભાવનો, સમજાણું કાંઈ? પણ આવું સાંભળ્યું જ ન હોય ને? આવું સાંભળવું મોંઘું પડે છે. અત્યારે બધી વાતમાં ફેરફાર થઈ ગયો છે. અરેરે! જેનાથી હિત થાય, સંસારમાંથી છૂટો થાય, એ વાત ન મળે! એ વાત ન સમજાય ત્યાં સુધી શું કર્યું ભાઈ? અરે!

વિભાવનો પ્રેમ એ તો મિથ્યાત્વ છે, પર્યાયબુદ્ધિ છે અને નરક-નિગોદના ભવોમાં રખડવાનો ભાવ છે. ૩૭.

* પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓને—જે રાજકુમાર હોય, ચક્રવર્તીના પુત્રો હોય, અરે! ચક્રવર્તી પોતે હોય તેમને—આત્મજ્ઞાન ને અનુભવ તો હોય છે, પણ વિશેષ અંદર જવા માટે, અંદરમાં આત્માને વધારે નિહાળવા માટે, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને વનમાં એકલા ચાલ્યા જાય છે. આહાહા! વનમાં અંદરના ચૈતન્યદેવને નિહાળવા જાય છે. વનમાં ચારે બાજુ સિંહ વાઘ ત્રાડો નાખતા હોય, બહાર ઘનઘોર અંધારા હોય, ચારેકોર ઝાડને ઝેરી સર્પો વીંટળાયેલા હોય, ત્યાં, જે નિધિ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનમાં જણાણી તેનો વિશેષ અનુભવ કરવા અંદર આત્મામાં ઊતરી જાય છે. અહો! એ મહાપુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા! જેમને બહારનું જોવાનું છૂટી ગયું છે, અંતરમાં જોવાને આતુર છે, તેઓ પછી બહાર આવતા જ નથી. તે મહાજ્ઞાનીઓની દશા કેવી હશે! અહા! અંદર આનંદસ્વરૂપમાં જામી ગયા તે, પછી બહાર શુભ વિકલ્પમાં પણ આવતા નથી; અશુભ ભાવમાં તો નહિ પણ શુભ ભાવમાં ય આવતા નથી. ૩૮.

* ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી. જેની જરૂરિયાત જણાય તેના તરફ પુરુષાર્થ વળ્યા વિના રહેતો નથી. 'રુચિ અનુયાયી વીર્ય.' જેને ઊર્ધ્વ, તરતા એવા ધ્રુવ જ્ઞાયકસ્વભાવની રુચિ હોય તેને પોતાનું વીર્ય સ્વભાવ તરફ વળ્યા જ કરે. અહીં તો કહે છે: હંમેશાં આત્માને ઊર્ધ્વ રાખવો, તેનું લક્ષ એક ક્ષણ પણ એણે ન ચૂકવું. ૩૯.

* જેમને આત્માના આનંદનો રસ લાગ્યો છે તે આનંદરસના ઘૂંટડા પીવા અંતરમાં જાય છે. કેવી છે તે દશા? અંદર ગયા તે ગયા; ચૈતન્યમાં—જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેયની અભેદ ત્રિપુટીમાં—ગયા તે ગયા. તે અંદર ગયા પછી બહાર આવતા જ નથી; બહાર આવે તો શુભ વિકલ્પ ઊઠે છે. ચાહે તો ભગવાનની ભક્તિનો, વ્રત-તપનો કે દયા આદિનો વિકલ્પ ઊઠે, પણ તે તો સંસાર છે, બંધનું ને ભવનું કારણ છે. પાપના

પરિણામની તો શી વાત કરવી? તે તો સંસારનો મોટો રાફડો છે, તેમાં મોટા ઝેરી સર્પો છે, તે એકલો ઝેરનો સ્વાદ છે; પણ અહીં તો શુભ ભાવમાં આવવું તેને પણ ઝેરીલો સ્વાદ કહે છે. ૪૦.

* 'જાણવું' એ જેનું વર્તમાન પર્યાયપણું છે તે, કોઈ 'જાણનાર' ત્રિકાળી ચીજ છે, તે ચીજની વર્તમાન અવસ્થા તેના ત્રિકાળીપણાને જણાવે છે, બતાવે છે. આહાહા! 'જાણનાર' તત્ત્વની જે વર્તમાન અસ્તિ છે એટલા પૂરતું કાંઈ સત્ નથી. 'જાણનાર'ની પર્યાય કોના આધારે થઈ? કોના અવલંબને થઈ? કોના આશ્રયે થઈ? 'જાણવા'રૂપ વર્તમાન પર્યાય જ્ઞાયકને જણાવે છે કે 'આ ત્રિકાળ ધ્રુવ તત્ત્વ છે'. પ્રભુ! તારી વર્તમાન જ્ઞાનની હયાતી તને જણાય છે કે નહિ? કોઈ પણ પ્રસંગમાં 'જાણનાર' પોતે ન હોય તો જાણે કોણ? 'જાણનાર'ની હયાતી તો તને વર્તમાનમાં જણાય છે, પણ વર્તમાન જેટલું આખું તત્ત્વ નથી. તે પર્યાય ધ્રુવ તત્ત્વને બતાવે છે; વર્તમાન છે તે કાયમીને બતાવનાર છે; અનિત્ય છે તે નિત્યને પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? બાપુ! આ તો એકલો જ્ઞાનનો માર્ગ છે; કોઈ ક્રિયા—આ કરો ને તે કરો—એ તો વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ. તેના ત્રિકાળી સ્વરૂપમાં તો છે જ નહિ, પણ એના વર્તમાન સ્વરૂપમાં પણ નથી. ૪૧.

* સમયસારના પરિશિષ્ટમાં ૪૭ શક્તિમાં પહેલી જીવત્વશક્તિ લીધી છે: આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણનું ધારણ કરવું જેનું સ્વરૂપ છે એવી જીવત્વ નામની શક્તિ જ્ઞાનમાત્ર ભાવમાં—આત્મામાં—ઊછળે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય આદિ અનંત ગુણમય ચૈતન્યમાત્ર ત્રિકાળી ભાવપ્રાણથી જીવવું તે જ જીવની ખરી જીવનશક્તિ છે. અંદર ધ્રુવ જે આનંદ ને જ્ઞાયક ભાવ છે તેનું આલંબન લઈ જે અતીન્દ્રિય નિરાકુળ સુખમય નિર્મળ પરિણતિ થાય તે જ જીવનું ખરું જીવન છે. બાકી બધું થોથાં છે. ૪૨.

* અનંત ગુણનો સાગર પ્રભુ આત્મા શરીરપ્રમાણ છે. કદ શરીરપ્રમાણ છે છતાં તેનું માહાત્મ્ય અંદર મોટું છે. પર્યાયમાં પુણ્ય-

પાપનો મેલ દેખાય છે, પણ એ તેની મૂળ ચીજ નથી. અહા! તે અનંત ગુણના ધામનો—અભેદ જ્ઞાયક પ્રભુનો—આશ્રય લેતાં જે નિર્મળ દશા પ્રગટે તે જ અપૂર્વ જીવન છે. એ સિવાય બહારનું બીજું બધું તો અનંત વાર મળ્યું છે, તે અપૂર્વ નથી. ૪૩.

* અહા! મુનિ ધર્માત્મા નિરંતર આનંદઝરતા પોતાના પ્રચુર સ્વસંવેદનમાંથી—આનંદસ્વરૂપ નિજ આત્મામાંથી—બહાર આવે, વ્રતનો કે ધર્મોપદેશનો વિકલ્પ આવે તો તેમને એમ થાય કે અરેરે! અમે ક્યાં આ પરદેશમાં આવ્યા! જ્ઞાનીઓની પરિણતિ, ધર્મીની દશા, વિભાવથી પાછી વળીને સ્વરૂપ તરફ ઢળી રહી છે. જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણ-પણે ઠરી જવા તલસે છે. આ શરીર ને સ્ત્રી–પુરુષ–પરિવાર તો અમારાં નથી જ, પણ આ વિભાવભાવો ય અમારો દેશ નથી. અમારો દેશ તો અંદર જે ચિદાનંદ પ્રભુ છે તે છે. ૪૪.

* જ્ઞાયકભાવ કહો કે સર્વજ્ઞત્વસ્વભાવ કહો—એ, આત્માનો કાયમી સ્વભાવ છે. તેમાં અલ્પજ્ઞપણાનો તો અભાવ છે. ચૈતન્યલોકમાં સર્વજ્ઞપણું વગેરે અનંત ગુણો ભર્યા છે. અલૌકિક શોભાથી ભરપૂર એવા અનંત ગુણસ્વરૂપ ચૈતન્યલોકમાં અંદર જા, તેમાં દૃષ્ટિ કરીને અંદર એકાગ્ર થા. આહાહા! ભાષા તો બહુ ટૂંકી, પણ ભાવ તો બહુ ઊંડા છે! ૪૫.

* આહાહા! આવો માર્ગ છે! બાકી તો, જ્ઞાયક આત્માના ભાન વિના, અનાદિ કાળથી ચોરાશીના અવતારમાં રખડી મરે છે; કોઈ એને શરણ નથી. કરોળિયો જેમ લાળ કાઢીને તેમાં સલવાઈ જાય, તેમ આ જીવ સ્ત્રી, પુત્ર ને પરિવારમાં તથા વેપાર–ધંધામાં સલવાઈ ગયો છે. અરેરે! એને ઊગરવાનો આરો ક્યાં પ્રભુ! અહીં તો ત્યાં સુધી કહે છે કે 'બદ્ધ છું કે અબદ્ધ છું' એવી વૃત્તિથી પણ જ્ઞાયક–આત્મા પ્રાપ્ત થઈ શકે એવો નથી. અહા! આ વસ્તુ આકરી લાગે, પણ શું થાય બાપુ! ૪૬.

* ભાઈ! દુનિયામાં જીવોનાં મરણ જોઈએ છીએ ને! નાની ઉંમરમાં મરીને બિચારા ક્યાંય ને ક્યાંય ચાલ્યા જાય છે. ધર્મ કર્યો ન હોય, અરે! પુણ્યનાં પણ ઠેકાણાં ન હોય, એવા જીવો મરીને ઘણા તો પશુયોનિમાં અવતરે છે. વીતરાગના માર્ગમાં એમ કહ્યું છે. પ્રભુ! ભવનો

ડર જોઈએ. શ્રી યોગીન્દ્રદેવે યોગસારમાં કહ્યું છે: 'ભવભયથી ડરી ચિત્ત'. નરકમાં દુઃખ છે ને સ્વર્ગમાં સુખ છે—એમ નહિ, પણ ભવમાત્ર પોતે દુઃખરૂપ છે. 'મરીને કેવો ભવ થશે? ક્યાં ઉતારા થશે?' એવો જેને ભવનો ભય—ડર લાગ્યો હોય તે અંદર આત્મામાં જવા માગે, બહારમાં જેને હોંશું વર્તતી હોય તે અંદર જ્ઞાયકસ્વભાવમાં કેમ જઈ શકે? ૪૭.

* પહેલાં આ કરું ને પછી આ કરું—એમ અંદર જ્યાં સુધી વિકલ્પની ખટક રહેશે, ત્યાં સુધી અંતરમાં નહિ જઈ શકે. ખાવાપીવાનાં સાધન કાંઈક ઠીક રહે, છોકરાઓ રસ્તે ચડે પછી નિવૃત્તિ લઈશ,—એવામાં રોકાઈશ નહિ ભાઈ! એવામાં તો નહિ પણ શાસ્ત્ર ભણવાના વિકલ્પોમાં ય રોકાઈશ નહિ. તને અંદરથી ખ્યાલમાં આવી જવું જોઈએ કે આનંદઘન ધ્રુવ જ્ઞાયક આત્મા એ કોઈ બીજી ચીજ છે! તો હવે પુરુષાર્થ કરીને ત્યાં અંતરમાં જા, વચ્ચે બીજે ક્યાંય રોકાઈશ નહિ. ૪૮.

* અંદર જવાનું શીખે તો અંતરમાં જે ચીજ છે તેનું જ્ઞાન થાય. દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદરમાં જવાનું કહ્યું, પણ ખરેખર તો તારો દેવ અને ગુરુ તું જ છો. સમજવાલાયક દેવ પણ તું છો ને સમજાવનાર ગુરુ પણ તું છો. અમે તને શું સમજાવીએ? તું જ સમજાવ તારા આત્માને કે, અરે આત્મા! તું અંદર આનંદસ્વરૂપ છો, ત્યાં જા ને! અહા! આવી વાતો છે! અત્યારે તો બહારની 'હાહો'માં જિંદગી ચાલી જાય છે. ભાઈ! સ્વરૂપમાં જવાનું શીખીને એક વાર નિજ ઘર જોઈ લે, તો તને અપૂર્વ આનંદ ને શાન્તિ પ્રાપ્ત થશે. ૪૯.

* જ્યાં આત્માને વિકલ્પ ને રાગનો સંબંધ નથી, ત્યાં શરીર, સ્ત્રી-પુત્ર કે વેપાર-ધંધાનો સંબંધ ક્યાંથી આવી ગયો? એ પાપનો વિકલ્પ તો ક્યાંય રહી ગયો; પણ દયા, દાન, વ્રત, તપ ને ભક્તિનો વિકલ્પ પણ બંધનું કારણ અને દુઃખરૂપ છે. અરે! એ શુભ વિકલ્પ પણ ક્યાંય રહી ગયો; અહીંયાં તો અંતરમાં જ્ઞાયકવસ્તુની સન્મુખ થવામાં

'તે આવી છે', વસ્તુના આંગણામાં ઊભો રહીને 'આ ચીજ રાગ વિનાની વીતરાગસ્વરૂપ છે', એવો જે સૂક્ષ્મ વિકલ્પ ઊઠે, તેનાથી નિજ જ્ઞાયકવસ્તુ પેલી પાર છે. અહા! ચીજ જે રીતે છે તે રીતે જાણતાં ન આવડે તો અંદરમાં જાય શી રીતે? ૫૦.

* અધ્યાત્મની સૂક્ષ્મ દૃષ્ટિએ સ્વદ્રવ્ય–પરદ્રવ્યની વ્યાખ્યા આ પ્રમાણે છે: 'સ્વદ્રવ્ય' એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ; 'પરદ્રવ્ય' એટલે સવિકલ્પ ભેદ–કલ્પના. 'સ્વક્ષેત્ર' એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ; 'પરક્ષેત્ર' એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો, તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે. 'સ્વકાળ' એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા; 'પરકાળ' એટલે દ્રવ્યની જે મૂળ નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર—ભેદરૂપ કલ્પનાથી 'પરકાળ' કહેવાય છે. 'સ્વભાવ' વસ્તુની મૂળ સહજ શક્તિ; 'પરભાવ' એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના. આ વાત સમયસાર-કલશ-ટીકામાં ૨૫૨ મા શ્લોકના ભાવાર્થમાં આવી છે. જ્યાં પોતાની એક સમયની વિશેષ પર્યાયને—કેવળજ્ઞાનની એક સમયની ક્ષાયિક પર્યાયને પણ, પોતાના દ્રવ્યની મૂળ અવસ્થારૂપ 'સ્વકાળ'ની અપેક્ષાએ, અવસ્થાન્તર—ભેદરૂપ કલ્પનાથી 'પરકાળ' કહ્યો, ત્યાં દેવ-શાસ્ત્ર-ગુરુની તો વાત જ ક્યાં રહી? એ તો સ્પષ્ટ પરદ્રવ્ય છે, આ નિજ આત્માની અપેક્ષાએ 'અદ્રવ્ય' છે. આહાહા! જેને પોતાના દ્રવ્યનો—જ્ઞાયક સ્વભાવનો—નિજવૈભવ સમજવાની રુચિ છે તેને બીજું કાંઈ ગમતું નથી. ૫૧.

* ભગવાન આત્મા પૂર્ણાનંદનો પિંડ અંદર જે બિરાજે છે, તે તારાથી દૂર રહે? વર્તમાન વર્તતી એક સમયની પર્યાયની સમીપમાં જ અંદર ધ્રુવ તત્ત્વ પડ્યું છે, તેના તરફ નજર કરીને એક વાર હા તો પાડ! તેનો અંદરથી સ્વીકાર તો કર! હા પાડતાં પાડતાં હાલત થઈ જશે, તેનો અંતરથી સ્વીકાર કરતાં કરતાં અતીન્દ્રિય આનંદની દશા થઈ જશે. 'કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન કર. આત્માર્થીને અંદરમાં આત્મપ્રાપ્તિનો પ્રયાસ સતત બન્યો જ રહે, તેની લગની

લાગે, અંતરમાં જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયક—ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયક-પ્રભુની એવી રઢ લાગે—એવો પુરુષાર્થ બન્યો જ રહે કે એને એમ થાય કે મારે મારું કામ—ભગવાન આત્માની પ્રાપ્તિ હમણાં જ કરવી છે. ૫૨.

* અરેરે! નરક, પશુ—કીડા, કાગડા ને કૂતરા વગેરે યોનિઓમાં જન્મ-મરણ કરીને તારા સોથા નીકળી ગયા બાપુ! અહા! નરકનાં ભાવે ને કરોડો દુઃખની વાત શું કહીએ? ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ કહે છે કે, કરોડો જીભથી ન કહી શકાય એવાં ત્યાં દુઃખો છે. ભાઈ! એ દુઃખ તેં અનંત વાર વેઠ્યાં છે. પ્રભુ! તું નરક ને નિગોદમાં—ડુંગળી, લસણ, સેવાળ વગેરેમાં અનંત કાળ રહ્યો છે. ભાઈ! તને ખબર નથી કે—તું કોણ છો, ક્યાં હતો ને કેવી રીતે રખડ્યો. અહીં એ જ કહે છે કે—પ્રભુ! તું એક વાર સાંભળ તો ખરો! અંદર સચ્ચિદાનંદ પ્રભુ રાગ ને વિભાવથી જુદો બિરાજે છે. જન્મ-મરણનો નાશ કરવો હોય તો કરવાનું તો એક જ છે—પરથી એકત્વ તોડવું. બાકી બધાં થોથાં છે. ૫૩.

* પરમાત્મા એમ કહે છે: અમે પણ તારાથી ભિન્ન પરદ્રવ્ય છીએ; અમને પણ જો તું યાદ કરીશ તો તને વિકલ્પ ને દુર્ગતિ થશે. ચૈતન્યની ગતિ--શુદ્ધ પરિણતિ—ન થવી એ જ દુર્ગતિ. ચાર ગતિ, પછી ભલે ને સ્વર્ગની ગતિ મળે, એ દુર્ગતિ છે. પૂર્ણાનંદસ્વરૂપ જ્ઞાયક–સ્વદ્રવ્યનો આશ્રય લઈને જે પર્યાય થાય તે ચૈતન્યની સુગતિ છે. સ્વદ્રવ્યથી ખસીને ધર્મના નામે પણ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં જે વિકલ્પ ઊઠે તે ચૈતન્યની સુગતિ નહિ. અરે! ભાઈ! સમ્યગ્દર્શન કોઈ એવી ચીજ છે કે એને તો લાખો-કરોડોમાં કોઈક જ પામી શકે. ૫૪.

* સ્ફટિકમણિની જેમ ભગવાન આત્માનું સ્વરૂપ તો નિર્મળ ને શુદ્ધ છે. તેની દશામાં પર ને રાગ સાથે તન્મયપણું માન્યતામાં કરી રાખ્યું હોવાથી અનાદિ કાળથી ચાર ગતિના અનંત ભવ કર્યા, અને હજી પણ રાગ સાથે તન્મયપણું નહિ તોડે તો તે મનુષ્ય ને તિર્યંચ આદિ ચાર ગતિમાં રખડવાના પંથે છે. મનુષ્યનાં શરીર ઊભાં છે ને તિર્યંચનાં

શરીર આડાં છે; તે શું સૂચવે છે? ગોમ્મટસારમાં કહ્યું છે કે—પૂર્વે રાગદ્વેષની, કૂડકપટ ને માયાની આડોડાઈ બહુ કરેલી તેથી તે આડોડાઈના ફળ તરીકે આડાં શરીર મળ્યાં. અંદરમાં તો આડોડાઈ કરી, પણ શરીરેય આડું મળ્યું. અરેરે! જીવે આવા અવતાર અનંત વાર કર્યા. ૫૫.

* અનંતા તીર્થંકરો ને અનંતા કેવળીઓનો આ પોકાર છે કે—શરીર, વાણી, મન અને કર્મ એ તો પરવસ્તુ છે, જગતનાં સ્વતંત્ર તત્ત્વો છે. જ્ઞાનઘન આત્મા તેની પર્યાયમાંય ગયો નથી, તો તેના દ્રવ્યમાં તો ક્યાંથી જાય? કર્મ વગેરે ફક્ત નિમિત્ત છે; તેના તરફ જીવને અનાદિથી દૃષ્ટિ છે અને તેથી પોતાની પર્યાયમાં વિકારભાવ પોતાથી ઉત્પન્ન થાય છે; એમ છતાં વસ્તુ તો તે વિકારભાવથી પણ નિરાળી—ભિન્ન છે. અનાદિ મિથ્યાત્વ ને અજ્ઞાનને લઈને 'રાગ તે હું, દયા-દાન આદિનો વિકલ્પ ઊઠે તે જાણે હું છું, તે મારું કર્તવ્ય છે'—એવો અભ્યાસ થઈ ગયો છે, એનાથી ટેવાઈ ગયો છે, પરંતુ અંદર વસ્તુ જે ચિદાનંદઘનતત્ત્વ છે, દ્રવ્ય છે, વસ્તુ છે, ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ....હયાતીવાળી ધ્રુવ ચીજ છે તે તો સ્વયં જિનસ્વરૂપ છે. ૫૬.

* સર્વજ્ઞ પરમેશ્વર ને ગુરુ સંત આદિ મોટા પુરુષની આજ્ઞા માનવી. એમની આજ્ઞા શી છે?—કે વીતરાગતા પ્રગટ કર. રાગથી ભિન્ન અંદર જ્ઞાયકતત્ત્વ છે તેને જો; જે જોનારો છે તેને જો; જોનારો આમ જુએ છે કે—આ, આ, આ,—એ જોનાર દશાનો જે જોનાર છે તેને જો કે 'આ હું છું'. સર્વજ્ઞ પરમેશ્વર ને સાધક સંતોનું જે આ ફરમાન છે તેને બરાબર માનવું. ૫૭.

* જિજ્ઞાસુ શિષ્યને બરાબર ન સમજાય ત્યાં એમ વિચાર આવે કે ગુરુ કહે છે તે તો સાચું જ છે પણ મને એમનો આશય પકડાતો નથી; તેમનો આશય છે તે તો સત્ય જ છે. ગુરુનો ઉપદેશ વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા બતાવે છે અને વીતરાગતાનું પોષણ કરે છે. તેના શ્રવણ-મનનથી—સત્સમાગમથી અંદરના પુરુષાર્થ વડે તત્ત્વ બરાબર સમજી શકાય છે. ૫૮.

પ્રભુ! તું તો સ્વભાવે વીતરાગસ્વરૂપ છો ને! અંદર સ્વભાવને ઓળખીને પર્યાયમાં વીતરાગતા પ્રગટ કર ને! એ જ જિનવરે કહેલો ધર્મ છે. ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે ભાઈ! પૂર્વે કદી કર્યો નથી તેથી મોંઘો લાગે છે. શ્રીમદ્ કહે છે: 'સત્ સત્ જ છે, સરળ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ તે બતાવનાર સત્ જોઈએ.' પોતે પૂર્ણાનંદ જ્ઞાયક-સ્વરૂપમાં અંદર નજર કરી, ત્યારે બતાવનારા ગુરુ નિમિત્ત મળ્યા એમ કહેવાય. દેશનાલબ્ધિ હોય છે, પણ દેશનાથી આત્મા પમાતો નથી. દેશના તો નિમિત્ત છે. તેનાથી તો નહિ, પણ તેના નિમિત્તે જે જ્ઞાન થયું—દેશનાલબ્ધિ થઈ—તે વિકલ્પવાળા જ્ઞાનથી પણ આત્મા પ્રાપ્ત થતો નથી; એ તો ત્રિકાળી વીતરાગસ્વભાવી જ્ઞાયકપ્રભુના અવલંબને ઉત્પન્ન થતી વીતરાગ નિર્વિકલ્પ અનુભૂતિરૂપ નિર્મળ પર્યાયથી જ પ્રાપ્ત થાય છે. અહા! વીતરાગ જિનેશ્વરે કહેલું વસ્તુસ્વરૂપ આવું છે. ૫૯.

## 卐 એક ગુરુદેવે જ બધું શિખડાવ્યું છે 卐

* ચૈતન્યની કોઈ અદ્ભુતતા ને અનુપમતા બતાવવાવાળા એક ગુરુદેવ જ હતા. ગુરુદેવ સ્વર્ગપુરીમાં બિરાજે છે. આ ભરતક્ષેત્રમાં ગુરુદેવ 'ભગવાન! ભગવાન' કરતા હતા; તેમને તો ભગવાન મળી ગયા. ગુરુદેવે જે બતાવ્યું તેનો પ્રયત્ન કરવો જોઈએ. કરવાનું તો પોતાને છે, ગુરુદેવે જે કહ્યું છે તે જ કરવાનું છે. આપણે તો તેમની આગળ શીખ્યાં છીએ, એક ગુરુદેવે જ બધું શિખડાવ્યું છે. અંતરમાં આત્મા 'છે', તે કેમ પ્રાપ્ત થાય? કેવળજ્ઞાન કેમ થાય?—બધો માર્ગ તેમણે સ્પષ્ટ કર્યો; અપૂર્વ માર્ગ તેમણે પ્રગટ કર્યો. ગુરુદેવની વાણી જ એવી હતી કે પુરુષાર્થ ઊપડે ને આત્માની પ્રાપ્તિ થાય. ગુરુદેવની અપાર કૃપા હતી; તેમણે ભવનો અભાવ કરાવ્યો. —પૂજ્ય બહેનશ્રી

# જ્ઞાયકને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.

આત્માએ તો એક જ્ઞાયકભાવનો જ વેષ પરમાર્થે ધારણ કર્યો છે. આત્માને તો કાયમી એક જ્ઞાયકભાવનો જ વેષ છે. કાયમી એકરૂપે જ્ઞાયકપણાનો જ આત્માએ વેષ ધારણ કર્યો છે, જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી. સંવર-નિર્જરા ને મોક્ષ તો પર્યાયવેષ છે. આત્માને તો પરમાર્થે જ્ઞાયકપણાનો જ વેષ છે ને જ્ઞાયકભાવને પર્યાયવેષ પરમાર્થે નથી. સંવર-નિર્જરા ને મોક્ષ એ પર્યાયવેષ પણ જ્ઞાયકને નથી.

ધ્રુવ તત્ત્વ છે પણ હલચલની પર્યાયથી ભિન્ન છે. એવા જ્ઞાયકભાવને કોઈ પર્યાયનો વેષ તો નથી પણ કોઈ પર્યાયની અપેક્ષા પણ નથી. જ્ઞાયકતત્ત્વમાં સંવર-નિર્જરા-મોક્ષની પર્યાયનો વેષ પણ નહીં ને પર્યાયની અપેક્ષા પણ નહીં—એવી ચીજ છે. સમ્યગ્દર્શનનો વિષય જે જ્ઞાયકતત્ત્વ છે તેમાં સમ્યગ્દર્શનનો વેષ નથી કે તેની અપેક્ષા પણ નથી.

જ્ઞાયક વસ્તુ વસ્તુ વસ્તુ છે. તેને અતીન્દ્રિય આનંદની પર્યાયનો વેષ પણ નથી ને અતીન્દ્રિય આનંદની પર્યાયની અપેક્ષા પણ નથી. પ્રભુ! એકવાર સાંભળને! તારા જ્ઞાયકની પ્રભુતામાં અવસ્થાનો ભેખ-વેષ નથી. તું મહાપ્રભુ છે, જ્ઞાયક મહાપ્રભુ છે કે જેમાં પર્યાયનો વેષ નથી ને પર્યાયની અપેક્ષા નથી એવું નિર્લેપ તત્ત્વ છો. અસ્તિ મૌજૂદગી એકરૂપ રહેનારું જે તત્ત્વ છે તેને પર્યાયની અપેક્ષા કેમ હોય?

પૂરણતા—અપૂરણતા તો પર્યાયમાં જાય છે, વસ્તુ તો એકરૂપ ત્રિકાળી છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે કે જેમાં સમ્યગ્દર્શનનો વેષ નથી કે અપેક્ષા પણ નથી. મલિન પર્યાય તો હું નથી પણ નિર્મળ પર્યાય પણ હું નથી. હું તો ત્રિકાળ જ્ઞાયક છું. દ્રવ્ય-તત્ત્વ ને પર્યાયતત્ત્વ ભિન્ન-ભિન્ન છે. કેવળજ્ઞાનની પર્યાય ને ત્રિકાળી દ્રવ્ય ભિન્ન-ભિન્ન

તત્ત્વ છે જે કદી ઝાંખી થતી થતી નથી ને વૃદ્ધિ પામતી નથી એવી જીવતી જાગતી જ્યોતિ અંદર બિરાજે છે, તેને કોઈ પર્યાયની અપેક્ષા નથી.

મુનિદશા, ત્રણ કષાયનો અભાવ, વીતરાગી પર્યાય, પ્રચુર સ્વસંવેદનરૂપ દશા એ જ્ઞાયકતત્ત્વમાં નથી. પર્યાય પર્યાય છે, પર્યાય દ્રવ્યમાં આવતી નથી ને દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. ધ્રુવ, જ્ઞાયક ધ્રુવ એકરૂપ ત્રિકાળ તેમાં મુનિદશા નથી—નિશ્ચય મોક્ષમાર્ગ નથી. દ્રવ્યમાં મુનિપણું કેમ હોય? નિશ્ચય મોક્ષમાર્ગ અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન એ તો પર્યાય છે, જ્ઞાયકતત્ત્વમાં પર્યાયનો વેષ ન હોય.

કેવળજ્ઞાનની પર્યાય છે તે આત્માને નથી. એકરૂપ અખંડ વસ્તુને કેવળજ્ઞાનની પર્યાયનો વેષ નથી. અહીં પ્રયોજન જ્ઞાયકની દૃષ્ટિ કરાવવાનું છે, પર્યાયદૃષ્ટિ છોડાવી જ્ઞાયકની દૃષ્ટિ કરાવવી છે. જ્ઞાયકતત્ત્વને દ્રવ્યવેષ છે પણ પર્યાયવેષ નથી. કાયમી, હલ-ચલ વિનાની સ્થિર એકરૂપ વસ્તુ છે, જેમાં કેવળજ્ઞાનની પર્યાય નથી એવી ચીજ તું છો. વિકારના કે અવિકારના ગમે તેટલા ભેખ ધારણ કરે પણ એ પર્યાયનો ભેખ છે, વસ્તુમાં એ ભેખ નથી.

પ્રભુ! તું રાગનો ભેખ ધારણ કરે તોપણ એ તારી ચીજમાં નથી ને મુનિપણારૂપ ભેખ ધારણ કરે-મોક્ષમાર્ગની દશા પ્રગટ કરી હોય તોપણ એ તારી ચીજમાં નથી. પ્રભુ! તારી જે ચીજ છે અખંડ જ્ઞાયક તે સમ્યગ્દર્શનનો વિષય છે. આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપેક્ષા જ્ઞાયકને નથી. પર્યાય વ્યવહારનયનો વિષય છે ને દ્રવ્ય દ્રવ્યાર્થિકનયનો વિષય છે. બન્ને વિષય ભિન્ન ભિન્ન છે. સિદ્ધની પર્યાય જ્ઞાયકભાવમાં નથી. એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ એ એની સ્થિતિ છે, એ એનું રૂપ છે, જેને કોઈ પર્યાયનો વેષ નથી તે સમ્યગ્દર્શનનો વિષય છે. દ્રવ્યલિંગ, નગ્નપણું કે યતિના બાહ્ય ધર્મ ચિહ્નો જ્ઞાયકમાં છે જ નહીં એમ અલિંગ-ગ્રહણમાં આવે છે. સમ્યગ્દર્શનનો જે વિષય છે તેને કોઈ પર્યાયનો વેષ નથી કે કોઈ પર્યાયની અપેક્ષા નથી.

સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ જ્ઞાયકને, સમ્યગ્દર્શનના વિષયરૂપ જ્ઞાયકને પર્યાયનો વેષ નથી કે પર્યાયની અપેક્ષા નથી. મુનિ-ભાવલિંગપણું એ પણ પર્યાયનો ભેખ છે, આત્મામાં એ ભેખ નથી. પરમાત્મપ્રકાશની ૮૮ મી ગાથામાં કહ્યું છે કે ધર્મી એમ માને છે કે મારા જ્ઞાયકભાવમાં કોઈ લિંગ-નગ્નપણું, પંચમહાવ્રત આદિ તો નથી પણ ભાવલિંગ-પણું-કે જે વીતરાગ નિર્વિકલ્પ દશા છે-તે પણ જ્ઞાયકભાવમાં નથી, કેમ કે એ પર્યાય છે. મુનિનું ભાવલિંગ જે મોક્ષનો માર્ગ છે, વીતરાગી શાંતિરૂપ ભાવલિંગ કે જે મોક્ષનું સાધક છે તેને ઉપચારથી ત્રિકાળી જ્ઞાયક ભાવનું કહેવામાં આવે છે તોપણ ખરેખર એ

દશા જ્ઞાયકભાવમાં નથી. ધ્રુવ નિત્યાનંદ પ્રભુને સિદ્ધની પર્યાયનો પણ ભેખ નથી.

આત્મા મુનિ છે કે કેવળજ્ઞાની છે કે સિદ્ધ છે એવી એક પણ પર્યાયની અપે જ્ઞાયકભાવને નથી. સ્વપરપ્રકાશક પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી. ભાવલિંગપણા અપેક્ષા કે જે અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનરૂપ વૈભવ છે એની અપેક્ષા જ્ઞાય ભાવમાં નથી. સ્વપરપ્રકાશક ત્રિકાળી શક્તિ જ્ઞાયકની કહેવાય પણ સ્વપરપ્રકાશ પણારૂપ કાર્ય છે એ તો પર્યાય છે, તે જ્ઞાયકભાવમાં નથી.

મોક્ષનો માર્ગ અને મોક્ષની પર્યાય પર્યાય તરીકે ભલે હો પણ જ્ઞાયકભાવમાં નથી. નિયમસાર ગાથા ૩૮માં એમ કહ્યું કે પર્યાય વિનાની જ્ઞાયક ચીજ તે આત્મા કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે ને ભગવાન ત્રિકાળી જ્ઞાયક અવિનાશી છે એ એ ત્રિકાળી જ્ઞાયકભાવને નિશ્ચય આત્મા કહ્યો છે. સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે ભગવાન આત્મા બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી ને બંધ-મોક્ષના માર્ગને પ કરતો નથી. ઉદયને પણ જાણે, બંધ, સંવર, નિર્જરા, મોક્ષને પણ જાણે છે, કરતો નથ એકરૂપ સદૃશ ત્રિકાળી છે તેને નિશ્ચય આત્મા કહ્યો છે ને તેનો આશ્રય કરવાથ સમ્યગ્દર્શન થાય છે.

બંધ-મોક્ષ ને તેના માર્ગની પર્યાય છે તે નાશવાન છે તેથી ત્રિકાળીને નિશ્ચ આત્મા કહ્યો છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે, તેને દ્રવ્ય કરતું નથી કે તે પર્યાય દ્રવ્યમ નથી. અહીં પણ બેનના બોલમાં છે કે મુનિપણું, કેવળજ્ઞાન કે સિદ્ધપદ એ તો પર્યા છે, એ તો ક્ષણિક છે ને ધ્રુવ જ્ઞાયક છે તે ત્રિકાળી છે, એવું જે એકરૂપ સદૃશ ધ્રુવ છે જેમાં દ્રવ્યલિંગ, ભાવલિંગ, કેવળજ્ઞાન કે સિદ્ધપણું નથી, તેને નિશ્ચય આત્મા કહે છે

જ્ઞાયકભાવ છે તે અપરિણામી ત્રિકાળી ચીજ છે, હલચલ વિનાની ધ્રુવ એકરૂ ચીજ છે તે આશ્રય કરવા લાયક ચીજ છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ સદાય ધ્રુવ ઉપર રહે છે જો પર્યાય કે વિકલ્પની દૃષ્ટિ થાય, તેનો આશ્રય કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

જાણવું એ તો પરિણમન છે ને વસ્તુ એ તો અપરિણામી ત્રિકાળી છે. ચો ગુણસ્થાન જ્ઞાયકભાવમાં નથી. પર્યાય પર્યાયમાં છે ખરી હો, બન્ને વિષય-પર્યાય અને જ્ઞાયકભાવ છે ખરા પણ પર્યાયમાત્રની દ્રવ્યને અપેક્ષા નથી.

સિદ્ધ ને મુનિપણાના માર્ગનો પણ જેમાં અભાવ છે એવા જ્ઞાયકની દૃષ્ટિ કર જ્ઞાયક એકરૂપ છે ત્યાં નજરબંધી કર. નજરને ધ્રુવ ઉપર લે ત્યારે તે નજરને સમ્યગ્દર્શન કહેવાય.

—*—

# સુવર્ણપુરી સમાચાર —તંત્રી

આપણા પરમોપકારી સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મવૃદ્ધિકારી પ્રભાવથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આત્માર્થી પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ, જિનેન્દ્રદર્શન–પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસાર પર તેરમી વારનું (૧૯૬૧નું) તેમ જ બપોરે શ્રી સમયસાર-કળશટીકા ઉપર ટેપ-પ્રવચન, સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય બહેનશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટ સમક્ષ સ્તુતિ, જિનેન્દ્રભક્તિઅને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર–નાટક પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમનિયમિત ચાલી રહ્યો છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચા સાંભળીને અનેક સમાગત મુમુક્ષુ મહેમાન અનુભવવાણીનો સાક્ષાત્ લાભ મળવા જેવો અનુભવ કરતાં અત્યંત પ્રમોદ વ્યક્ત કરે છે.

* **સીમંધર અષ્ટાહ્નિક-ઉત્સવઃ**–અધ્યાત્મતીર્થક્ષેત્ર સુવર્ણપુરીના 'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'ની મંગલ પ્રતિષ્ઠાનો ૫૧મો વાર્ષિક દિન પ્રતિવર્ષ અનુસાર મહા વદ ૧૦થી ફાગણ સુદ ૨ સુધી 'શ્રી વિંશતિ-વિહરમાન-જિનમંડળ–વિધાન પૂજા,' જિનેન્દ્રભક્તિ, તત્ત્વજ્ઞાન ઉપાસના આદિ વિવિધ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ફાગણ સુદ બીજના દિવસે જિનેન્દ્ર-પૂજા બાદ જિનેન્દ્ર રથયાત્રા નીકળી હતી. આ શુભ પ્રસંગની ખુશાલીમાં શ્રી જડાવબેન નાનાલાલ જસાણી (મુંબઈ) પરિવાર તરફથી સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યું હતું.

* **પંચમેરુ-નંદીશ્વર-જિનાલય-વાર્ષિક-મહોત્સવઃ**–પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારક યોજના અંતર્ગત નવનિર્મિત શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયનો સાતમો વાર્ષિક પ્રતિષ્ઠા–ઉત્સવ ફાગણ સુદ ૩ થી ફાગણ સુદ ૭ સુધી શ્રી પંચકલ્યાણક પૂજનવિધાન, જિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ મંગલ પ્રસંગની ખુશાલીમાં શ્રી ભીખાલાલ મગનલાલ શાહ (દહેગામ) પરિવાર હસ્તે શ્રી હીરાભાઈ તરફથી સ્વામીવાત્સલ્ય-ભોજન રાખવામાં આવ્યું હતું.

* **નંદીશ્વર અષ્ટાહ્નિકાઃ**– અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીના ભવ્ય નંદીશ્વર-જિનાલયમાં તા. ૨૧–૨–૯૧ થી તા. ૨૮–૨–૯૧ સુધી ફાગણ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા શ્રી નંદીશ્વર–વિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, તત્ત્વજ્ઞાનોપાસના આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવી હતી.

* **પરમાગમમંદિર-વાર્ષિક-પ્રતિષ્ઠાદિનઃ**-ફાગણ સુદ ૧૩, તા. ૨૬-૨-૯૧ના રોજ 'શ્રી મહાવીર કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર'ની ૧૭મી પ્રતિષ્ઠાતિથિ પૂજા-ભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવી હતી.

* **માનસ્તંભ-વાર્ષિક પ્રતિષ્ઠાદિનઃ**-ચૈત્ર સુદ ૧૦, સોમવાર, તા. ૨૫-૩-૯૧ના રોજ માનસ્તંભ પ્રતિષ્ઠાની ૩૯મી વાર્ષિકતિથિ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે.

* **મહાવીરજયંતી તથા "પરિવર્તન—દિન"**:-ચૈત્ર સુદ ૧૩, ગુરુવાર તા. ૨૮-૩-૯૧ના રોજ શાસનનાયક ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મકલ્યાણદિન તેમ જ મહાવીર-અધ્યાત્મમાર્ગપ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના "પરિવર્તન"ની ૫૭મી જયંતી પૂજાભક્તિના વિશેષ સમારોહ પૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા (ગોરેગાંવ) તથા શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન (મલાડ) તરફથી સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવેલ છે.

---

* અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં વિદ્યાર્થીઓ માટે *

## ધાર્મિક શિક્ષણવર્ગ

વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણ વર્ગ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૨ મી જન્મજયંતીના પાંચ દિવસીય મહોત્સવ પહેલાં—તા. ૨૬-૪-૯૧ થી તા. ૧૦-૫-૯૧ સુધી—પંદર દિવસ માટે રાખવામાં આવ્યો છે.

---


## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધિ માહિતી—

પ્રકાશન સ્થાન—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250
પ્રકાશન તારીખ—દરેક માસની પંદર તારીખ
પ્રકાશક—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250
મુદ્રક :-કહાન મુદ્રણાલય, સોનગઢ
સંપાદક- નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ
તંત્રી :- હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ
રાષ્ટ્રીયતા : -ભારતીય
માલિક : -શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) 364250

—વ્યવસ્થાપક (મેનેજર)
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (કાનજીસ્વામીનું) 364250

તા. ૧૫-૩-૯૧

## 卐 સમ્યક્ત્વધામની યાત્રા 卐

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ૫૯મી સમ્યક્ત્વ જયંતીના પુનીત-પ્રસંગે, આપણા આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના મંગલમય તત્ત્વાવધાનમાં પૂજ્ય બહેનશ્રીના સમ્યક્ત્વધામ વાંકાનેરની એક દિવસની મંગલયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૮-૩-૯૧ના સોનગઢથી કેટલીક બસો દ્વારા વાંકાનેર રાત્રે પહોંચવામાં આવશે અને ત્યાં તા. ૯-૩-૯૧ના રોજ ભક્તિ-પૂજા આદિના વિવિધ ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. આ પ્રસંગે સોનગઢ ઉપરાંત રાજકોટ, મુંબઈ, સુરત વિગેરે અનેક સ્થળેથી મહેમાનો વાંકાનેર આવશે. આ પ્રસંગે સોનગઢથી વાંકાનેર જવાના બસ-ખર્ચના ૫૦% તેમ જ ત્યાંનું જમણ આદિ દહેગામ નિવાસી શ્રી ભીખાભાઈ મગનલાલ શાહ હસ્તે હીરાભાઈ દ્વારા આપવામાં આવશે.

---

* શ્રી કુંદકુંદકહાન સ્મૃતિ સભાગૃહ ટ્રસ્ટ, આગરા દ્વારા તા. ૨૪-૩-૯૧ થી તા. ૨૯-૩-૯૧ સુધી એક ભવ્ય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રમુખ વક્તા વિદ્વાન શ્રી શશીકાંતભાઈ શેઠ, ભાવનગર રહેશે. આ શિબિરનો લાભ લેવા પધારનાર મહેમાનો માટે રહેવાની તેમ જ ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. આ શિબિરનો લાભ લેવા સર્વે સાદર આમંત્રિત છે.

સ્થાન— —નિવેદક

શ્રી દિ. જૈન કુંદકુંદકહાન સ્મૃતિ સભાગૃહ ટ્રસ્ટ, પદમચંદ જૈન, આગરા
૩/૨૮૬ એ; એમ. જી. રોડ, ચૌરાહ ઢાકરન,
નઈ કી મંડી (જિલ્લા પૂર્તિ કાર્યાલયની સામે)
આગરા-૧૦, ફોન નં. ૬૪૧૩૧, ૭૨૯૯૧, ૬૧૭૬૩

---

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે તથા તેઓશ્રીની ઉપસ્થિતિમાં મુંબઈ તથા તેના ઉપનગરોમાં ચાર મંડળ તથા ચાર જિન મંદિર નિર્માણ થયેલ છે અને હવે મુંબઈના દરેક ઉપનગરોમાં આપણા મુમુક્ષુઓની સંખ્યા ઘણી હોવાથી તેમજ ઉપનગરો વિસ્તૃત થતાં જતાં હોવાથી ધર્મભાવનાના પોષણ અર્થે હાલમાં નીચેના મંડળોની સ્થાપના થઈ છે.

સાંતાક્રુઝ :- બાંદરાથી અંધેરીના ઉપનગરોમાં વસતા આપણા મુમુક્ષુઓની શ્રી [illegible] ભાઈ એમાલીયાના નિવાસ સ્થાને એક મિટીંગમાં તા. ૬-૨-૯૧ના રોજ શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળના નામથી મંડળની સ્થાપના કરવામાં આવી અને દર

રવિવારે, બુધવારે, શાસ્ત્રસ્વાધ્યાયનો કાર્યક્રમ રાખવામાં આવે છે. તેમ જ આ ઉપનગરોમાં જિનમંદિર–સ્વાધ્યાય હોલ માટે જગ્યા મેળવવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે. વહેલી તકે જિન મંદિર નિર્માણ થાય તેવી ભાવના પૂર્વક આ કાર્યવાહી કરવા પાંચ વ્યક્તિની કમિટી નિમવામાં આવી છે. (૧) શ્રી પ્રવિણભાઈ મહેતા (૨) શ્રી ભરતભાઈ જોબાલીયા (૩) શ્રી જયંતભાઈ બ્રોકર (૪) શ્રી શાંતિભાઈ ભાયાણી (૫) શ્રી રમેશભાઈ શાહ.

**બોરીવલી :** પૂજ્ય ભગવતી માતા બહેનશ્રીના આશીર્વાદથી ગયા વરસે શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળની સ્થાપના કરવામાં આવી છે તથા ગયું પર્યુષણ-પર્વ હોલ રાખીને પં. શ્રી દીલિપભાઈ ડગલીના શાસ્ત્ર પ્રવચનો તથા ભગવાન બિરાજમાન કરી પૂજન વગેરે કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવેલ તથા દર રવિવારે શાસ્ત્ર સ્વાધ્યાય રાખવામાં આવે છે.

અહીં મુમુક્ષુઓની સારી સંખ્યા છે. મંદિર બનાવવાની ભાવના છે. સારૂં એવું ફંડ એકઠું કરવામાં આવેલ છે. તે અંગે શ્રી બાબુભાઈ જૈન (પ્રમુખ) તથા શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ વગેરે ભાઈઓ જગ્યા મેળવવા તથા તે અંગેની કાર્યવાહી કરવા પ્રયત્ન કરી રહ્યા છે. શ્રી કુંદકુંદ કહાન યુવક મંડળ તથા શ્રી ભગવતી મહિલા મંડળની સ્થાપના થયેલ છે. ભક્તિ–શાસ્ત્રસ્વાધ્યાયના અવારનવાર કાર્યક્રમો થાય છે.

**મુલુન્ડ :** અગાઉ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના પ્રતાપે શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન મુમુક્ષુ ટ્રસ્ટની સ્થાપના થયેલ અને ભક્તિ-શાસ્ત્ર-સ્વાધ્યાય વગેરેના કાર્યક્રમ તથા પર્યુષણ-પર્વ વગેરે થતા રહેતા હતા અને જગ્યા મેળવવાના પ્રયત્ન ચાલુ છે, પણ તે દરમ્યાન ભગવાન બિરાજમાન કરી પૂજન-ભક્તિ થઈ શકે તે હેતુએ એક જગ્યા રાખી તથા ચૈત્યાલય નિર્માણ કરેલ છે અને શ્રી કિરીટભાઈ દોશી–પ્રમુખ, શ્રી કિરીટભાઈ જોબાલીયા–ઉપપ્રમુખ વગેરે કાર્યકર્તાઓ ભાઈઓ દ્વારા ત્યાંના મુમુક્ષુ ભાઈઓ–બહેનોની ધર્મભાવના પોષણાર્થે નિયમિત કાર્યક્રમો ચાલે છે.

**વસઈ રોડ :** વસઈ રોડમાં આપણા કાનાતળાવના પટેલ મુમુક્ષુઓની તથા બીજા મુમુક્ષુઓની સારી સંખ્યા છે તથા મુમુક્ષુ મંડળની સ્થાપના કરવામાં આવી છે અને ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ઉપદેશનો લાભ લઈ શકાય તથા જિનમંદિરનો પૂજા–ભક્તિ, શાસ્ત્ર-સ્વાધ્યાયનો લાભ મળે તે હેતુએ જગ્યા મેળવી જિનમંદિર નિર્માણ કરવાની ભાવના ત્યાંના મુમુક્ષુઓની છે. આ અંગે શ્રી વીરજીભાઈ પટેલ વગેરે ભાઈઓ પ્રયત્ન કરી રહ્યા છે.

સ્વાનુભવપ્રેરણામૂર્તિ સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક કરુણાસાગર

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનો

# ૧૦૨ મો જન્મજયંતી મહોત્સવ

[ તા. ૧૧-૫-૯૧ થી તા. ૧૫-૫-૯૧ ]

મુમુક્ષુ-સમાજ ઉપર અનંત અનંત ઉપકાર કરનાર, ૪૫-૪૫ વર્ષ સુધી ધર્મની અમૃતવર્ષા વરસાવીને જિજ્ઞાસુઓને મુક્તિનો માર્ગ બતાવી પુરુષાર્થની પ્રેરણા આપનાર, જિનાગમના અનેક સૂક્ષ્મ સિદ્ધાંતોના ગૂઢભાવોને સરળ શૈલી દ્વારા સમજાવીને સ્વાનુભૂતિનો માર્ગ દર્શાવનાર તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેને જેઓશ્રીની અનુપમ મહિમા સમજાવી છે એવા આપણા વહાલા ધર્મપિતા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૨ મી મંગલ જન્મજયંતી—વૈશાખ સુદ બીજ—નો મંગલ મહોત્સવ પ્રથમ વૈશાખ વદ ૧૨, શનિવાર, તા. ૧૧-૫-૯૧થી દ્વિતીય વૈશાખ સુદ બીજ ( એકમનો ક્ષય ), બુધવાર, તા. ૧૫-૫-૯૧—પાંચ દિન સુધી 'શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવપ્રધાન અધ્યાત્મતત્ત્વસભર અલૌકિક ટેપ-પ્રવચનો, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન, વિડિયો દ્વારા ગુરુદર્શન આદિ વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા, અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

આ મંગલ પ્રસંગે ઉપરોક્ત ધાર્મિક કાર્યક્રમોનો લાભ મળવા ઉપરાંત અત્રે સુંદર જિનાલયોમાં બિરાજમાન વીતરાગી જિન-ભગવંતોના દર્શનનો તેમ જ આપણા આદરણીય વિદ્વદ્રત્ન પંડિત શ્રી હિંમતલાલભાઈ જે. શાહની પ્રસંગોચિત્ત ભાવવાહી સુંદર શૈલીમાં કરાવવામાં આવતી પૂજા-ભક્તિનો પણ લાભ મળશે.

માટે, આ આત્મહિતપ્રેરક મંગલકારી ૧૦૨ મી જન્મજયંતીનો પુનીત-મહોત્સવ ઉજવવા અત્રે પધારવા સકલ મુમુક્ષુ સમાજને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી હાર્દિક આમંત્રણ છે.

## 卐 વૈરાગ્ય-પ્રસંગે પ્રેરણા 卐

ગમે તેવા પ્રસંગો વચ્ચે શાંતિ તે શ્રેયભૂત છે. બીજો કોઈ ઉપાય નથી. આકુળતા ઊલટું નુકસાનનું કારણ થશે. પૂર્વના પોતાના જ પરિણામનું ફળ છે એમ જાણી શાંતિ રાખવી. ભાવના ભાવવી, આત્મરુચિ વધારવી, તે પોતાની સ્વતંત્રતાની વાત છે. તેને બહારના સંયોગો રોકી શકે તેમ નથી. ખરી રુચિ હશે તો ભવિષ્યે ગમે ત્યારે, ભવિષ્યના ભવે, આત્માર્થીને ઇચ્છિત સંયોગો જરૂર મળી રહેશે. આત્મામાં પડેલાં રુચિનાં બીજડાં ક્યાં જવાનાં છે? માટે જેમ બને તેમ આત્મરુચિ વધારવી. ગમે તે સંયોગોમાં શાંતિ ને ધીરજ રાખવી તે લાભનું કારણ છે.

—પૂજ્ય બહેનશ્રી

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH–364 250 ( INDIA )**

**Licence No. 21 ‘ Licensed to post without prepayment ’**

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012